Extra No. 261

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] FRIDAY, JULY 18, 2025 / ASADHA 27, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા:

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાનો પત્ર ક્રમાંક: એલ.આઈ.બી./ જાહેરનામુ/૧૦૯૦/૨૦૨૫, તા. ૦૮/૦૭/૨૦૨૫

(૨) ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ ૩૩(૧) નો ખંડ (ખ)

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩(૧) ના ખંડ (ખ) અન્વયે

નં.ડીસી./પીઓએલ/જાહેરનામું/વશી/૫૪૫/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાના સંદર્ભ (૧) ના પત્રથી શામળાજી ખાતે જગત પ્રસિધ્ધ વિષ્ણુ ભગવાનનું પૌરાણિક મંદિર આવેલ છે. જે મંદિર ગુજરાત તેમજ રાજસ્થાનના લોકોની આસ્થાનું કેન્દ્ર છે. તેમજ અલગ-અલગ રાજ્યના લોકો આ મંદીર નેશનલ નં.૪૮ ની નજીક આવેલ હોઈ દર્શાનાર્થે આવતા હોય છે. જેથી શામળાજી ખાતે આવેલ શામળીયા ભગવાન (વિષ્ણુ ભગવાનજી) ના મંદિરમાં દર પુનમ નિમિત્તે તથા મેળાના દિવસે ભારે સંખ્યામાં દર્શનાર્થી દર્શન અર્થે આવતાં હોઈ તે દિવસ દરમ્યાન શામળાજી સી.એચ.સી ડીપ સુધીના વિસ્તારમાં નાના-મોટા ફેરીયાઓ તેમજ દર્શનાર્થીઓ ચાલતા આવતાં જતાં હોવાના કારણે ખુબજ વધુ પ્રમાણમાં ટ્રાફિકની સમસ્યા રહેતી હોય છે તે સિવાયના નાના વાહન ચાલકો પોતાના વાહન ડુંગરની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામાં પાર્ક કરતા હોય છે તેમજ ડુંગર પાસે આવેલ પાર્કીંગની જગ્યા ઓછી હોઈ વાહન ચાલકો પોતાના વાહન રોડની સાઈડમાં પાર્ક કરી જતાં રહેતાં હોય છે. જેથી મોટા વાહનો આ સર્વિસ રોડ ઉપર આવન જાવન કરે તે વખતે ભારે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. જેથી દર્શનાર્થીઓને આ ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડતો હોય છે તેમજ ક્યારેક સુરક્ષાની રીતે મહત્વના પદાધિકારીશ્રીઓ પણ કોન્વોય સાથે મંદિરના દર્શનાર્થે આવતા હોય છે. જેથી શામળાજી બસ સ્ટેન્ડમાં આવતી તમામ બસોને કે જે હિંમતનગર, મોડાસા, ભિલોડા તરફથી આવતી હોય તેઓને શામળાજી સી.એચ.સી બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) થી આગળ કારછા એસ.ટી.સ્ટેન્ડ થી શામળાજી તરફ આવવા સારૂ તેમજ શામળાજી એચ.જી. વિદ્યાલય સર્વિસ રોડ થઈ શામળાજી આવવા તેમજ રતનપુર તરફથી આવતી બસો કે જે હિંમતનગર, મોડાસા, ભિલોડા રૂટ તરફ જનાર હોય તેઓને સી.એચ.સી. તરફ ન જવાની સમજ કરી તેઓને એચ.જી.વિદ્યાલય આગળ સર્વિસ રોડ તરફથી શામળાજી બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) થઈ બસ લઈ જવા સારૂ. તા. ૧૦/૦૭/૨૦૨૫ ના ૦૦-૦૦ કલાક થી ૨૪-૦૦ કલાક સુધી દિન -૧ (એક)નું જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત અત્રેની કચેરીએ મોકલી આપેલ છે.

વાસ્તે, હું ડી.વી.મકવાણા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી, મોડાસા સને ૧૯૫૧ ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૩(૧)ના ખંડ (ખ) અન્વયે મળેલ સત્તાની રૂએ તા. ૧૦/૦૭/૨૦૨૫ ના ૦૦-૦૦ કલાક થી ૨૪-૦૦ કલાક સુધી દિન -૧ (એક)નું શામળાજી બસ સ્ટેન્ડમાં આવતી બસો માટે નીચે મુજબ ડાઈવર્ઝન આપવા ફરમાવું છું.

હિંમતનગર, મોડાસા, ભિલોડા તરફથી આવતી બસો માટે

(૧) શામળાજી સી.એચ.સી. બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) થી આગળ કારછા એસ.ટી.સ્ટેન્ડ થી શામળાજી એસ.જી. વિધ્યાલય સર્વિસ રોડ થઈ શામળાજી તરફ આવવા

રતનપુર તરફથી આવતી બસો માટે

(૧) હિંમતનગર, મોડાસા, ભિલોડા રૂટ તરફ જનાર બચો સી.એચ.ચી. તરફ ન જતા એચ.જી. વિદ્યાલય આગળ સર્વિસ રોડ તરફથી શામળાજી બ્રિજ ઉપર (નેશનલ હાઈવે) તરફ જવા સારૂ

વધુમાં, ટ્રાફીક નિયમન થાય તે માટે વોકી ટોકી સેટ સાથે ટ્રાફીકના માણસો મૂકવાના રહેશે તેમજ ટ્રાફીક નિયમન તંત્ર, પોલીસ તંત્રએ સંબંધિત ગ્રામ પંચાયતોનો સહકાર મેળવી ટ્રાફીક નિયમન થાય, કાયદો વ્યવસ્થા જળવાઇ રહે અને સદર હંગામી પ્રતિબંધનો સુચારૂ અમલ થાય તે માટે તાત્કાલિક ધોરણે યોગ્ય આયોજન કરવાનું રહેશે. અગત્યના સ્થળોએ ટ્રાફીક પોઈન્ટ નિયત કરી ટ્રાફીક કર્મચારીઓ મૂકવાના રહેશે તેમજ જરૂરી સાઈન બોર્ડ, સૂચનાઓ અગાઉથી લગાવવાના રહેશે.

તમામને વ્યક્તિગત રીતે હુકમની બજવણી કરવી/કરાવવી શક્ય ન હોઈ આથી એકતરફી ફરમાવવામાં આવે છે.

આજ તા.૦૮મી જુલાઈ, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરી આપ્યો.

ડી. વી. મકવાણા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
અરવલ્લી-મોડાસા

વંચાણે લીધા:-

(૧) ઉપસચિવ (કા.વ્ય), ગૃહ વિભાગ ગાંધીનગરના પત્ર ક્રમાંક: વિ-૧/કઅવ/૧૦૨૦૨૪/ ૮૨, તા.૩૦.૦૫.૨૦૨૪

(૨) પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી મોડાસાના પત્ર નં.LIB/BNSS-163/ઝાંઝરી ધોધ/જાહેરનામુ/૧૦૯૧/૨૦૨૫ તા. ૦૮/૦૭/૨૦૨૫

(3) સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, બાયડના પત્ર નં.પી.ઓ.એલ/ઝાંઝરીવોટર ફોલ/વશી/૨૩૧/૨૦૨૪, તા.૦૫/૦૬/૨૦૨૪

(૪) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે

નં.ડી.સી./પીઓએલ/જાહેરનામું/કલમ-૧૬૩/વશી/૫૪૬/૨૦૨૫ અરવલ્લી જિલ્લાના મુકામ.ડાભા, તા.બાયડ ખાતે જાણીતુ પ્રવાસન સ્થળ ઝાંઝરી ધોધ આવેલ છે. છેલ્લા ૨૫ વર્ષમાં સદર ઝાંઝરી ધોધ, વાત્રક નદીના પાણીના ધરામાં અકસ્માતે લપસી ડુબી જવાના, તણાઈ જવાના, પથ્થરની શીલાઓ પરના પાણી પર જામેલ લીલના કારણે લપસી પથ્થર પર પટકાઈને મૃત્યુ થવાના ઘણા બનાવો બનેલ છે. આવી ઘટનાઓ બનતી અટકાવવા તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત ફાળવવામાં આવેલ છે. ધોધના/નદીના પાણીમાં પડી ન્હાવા જવા પર નિષેધ હોવાની સૂચનાઓના બોર્ડ પણ લગાવવામાં આવેલ છે. તેમ છતાં સાબરકાંઠા, અમદાવાદ, વડોદરા, ખેડા વિગેરે જિલ્લામાંથી આવતા પ્રવાસીઓ/સહેલાણીઓ આ સુચનાઓનો અનાદર કરી ઝાંઝરી ધોધ ખાતેના પાણીમાં ન્હાવા પડી અકસ્માતે ડૂબીને જીવ ગુમાવવાના સંખ્યાબંધ બનાવો તાજેતરના વર્ષોમાં બનેલ છે.

જેથી આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તથા પ્રવાસીઓ/સહેલાણીઓની સલામતી જળવાઈ રહે તે હેતુ માટે વાત્રક નદીના આશરે ૫ કિ.મીના લાંબા પ્રવાહમાર્ગ (જીતપુર-આંબલીયારા પ્રવેશ માર્ગ-૧ પાસે આવેલ ઝાંઝરી ધોધ થી લઈ ગંગેશ્વર મહાદેવવાળા પ્રવેશ માર્ગ-૩ ચેક ડેમ સુધી)ના નદીના પ્રવાહ માર્ગની આજુ-બાજુ વાત્રક નદી/ઝાંઝરી ધોધના કિનારે જઈ પાણીમાં પડવા ન્હાવા કે નદી કિનારે આવેલ શીલાઓ પર કે જ્યાંથી ફોટોગ્રાફી કરવા જતા અકસ્માતે પગ લપસી જવાથી ઝાંઝરી ધોધના ઊંડા પાણીના ધરા કે પ્રવાહમાં ડૂબી જવા કે પથ્થરની શીલાઓ પર પટકાઈ ઈજા થવા અને મૃત્યુ થવાની સંભાવના રહેલી હોઈ પોલીસ અધિક્ષકશ્રી, અરવલ્લી-મોડાસાએ વંચાણે લીધેલ આમુખ-૨ ના પત્રથી તથા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી બાયડએ આમુખ-૩ના પત્રથી વાત્રક નદીના આશરે ૫ કિ.મી લાંબા પ્રવાહ માર્ગ જીતપુર-આંબલીયારા પ્રવેશ માર્ગ-૧ પાસે આવેલ ઝાંઝરી ધોધ થી લઈ ગંગેશ્વર મહાદેવવાળા પ્રવેશ માર્ગ-૩ ચેક ડેમ સુધીના વિસ્તારમાં સહેલાણીઓ/પ્રવાસીઓના ન્હાવા/પાણીમાં ઉતરવા/ બિલકુલ નદી કિનારે આવેલ કોતરો પર ઉભા રહી ફોટોગ્રાફ કરવા પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે. જે દરખાસ્ત વાજબી જણાય છે.

સબબ હું ડી.વી.મકવાણા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અરવલ્લી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ અન્વયે મળેલ સત્તાની રૂએ નીચે મુજબના હદ વિસ્તાર માટે આથી નીચેની વિગતે અમલવારી કરવા હુકમ કરૂ છું.

જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર

"જીતપુર-આંબલીયારા પ્રવેશ માર્ગ-૧ પાસે આવેલ ઝાંઝરી ધોધ થી લઈ ગંગેશ્વર મહાદેવ વાળા પ્રવેશ માર્ગ-૩ ચેક ડેમ સુધી"

જાહેરનામાનો પ્રતિબંધ

"જીતપુર-આંબલીયારા પ્રવેશ માર્ગ-૧ પાસે આવેલ ઝાંઝરી ધોધ થી લઈ ગંગેશ્વર મહાદેવવાળા પ્રવેશ માર્ગ-૩ ચેક ડેમ સુધીના વિસ્તારમાં ન્હાવા/પાણીમાં ઉતરવા/બિલકુલ નદી કિનારે આવેલ કોતરો પર ઉભા રહી ફોટોગ્રાફી કરવા પર પ્રતિબંધ"

જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો

તા. ૧૪/૦૭/૨૦૨૫ થી તા. ૧૧/૦૯/૨૦૨૫ સુધી (બંન્ને દિવસો સહિત) દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ હેઠળના ગુના માટે શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતાં ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ ભારતીય સંહિતા-૨૦૨૩ની કલમ - ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યક્તિગત રીતે હુકમની બજવણી કરવી / કરાવવી શક્ય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

આજ તા.૦૮ મી જુલાઈ, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અરવલ્લી-મોડાસા

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.08.07 19:13:18 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara